*This Question Paper contains 16 printed pages.*
***(Part - A & Part - B)***

Sl.No. 0101582

# 13(G)

**(MARCH, 2019)**
**(Old Course)**

| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. **Set No. of Question Paper, circle against which is to be darken in OMR sheet.** |
|---|
| **01** |

**Part - A : Time : 1 Hour / Marks : 50**

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.**
2) **પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.**
3) **કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.**
4) **પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.**
5) **પ્રશ્નપત્રકના ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.**

---

1) 'ઈશ્વર એક જ છે એવી શ્રદ્ધા' અખાએ કયા દૃષ્ટાંત દ્વારા સમજાવી છે ?

(A) ધુમાડો (B) અગ્નિ

(C) ચક્ષુહીણો (D) ગુરુ

2) નરસિંહ મહેતાએ કયા છંદમાં પ્રભાતિયાં લખેલા છે ?

(A) પૃથ્વી છંદ (B) શિખરિણી છંદ

(C) ઝૂલણા છંદ (D) અક્ષરમેળ છંદ

3) ગાયોના પગથી ઊડતી ધૂળ આકાશમાં ચડતા કવિને કેવું લાગે છે ?

(A) સ્વર્ગ અને પૃથ્વી એક હોય એમ.

(B) વાદળો સ્વર્ગમાં જતા હોય.

(C) સ્વર્ગ પૃથ્વી પર આવતું હોય એમ.

(D) ધરતી સ્વર્ગે જતી હોય એમ.

4) 'આવ્યો છું તો' કાવ્યના કવિ માનવજીવનની સફળતા શેમાં જુએ છે ?

(A) હળીમળીને રહેવામાં

(B) નિજાનંદમાં

(C) ભૌતિકતામાં

(D) એકલતામાં

5) 'સપૂત' કાવ્ય કઈ ઘટના વિશે લખાયું છે ?

(A) આઝાદી

(B) દાંડીકૂચ

(C) હિંદ છોડો

(D) સત્યાગ્રહ

6) કવિને શા માટે જંતુનાશક દવા થવાની ઈચ્છા છે ?

(A) સૌનું કલ્યાણ કરવા માટે

(B) શોષણ કરનાર લોકો માટે

(C) સૌને દાન કરનાર લોકો માટે

(D) ગરીબ લોકો માટે

7) ખૂબ જ લોકપ્રિય પદ 'બોલમા બોલમા બોલમા રે, રાધાકૃષ્ણ વિના બીજું બોલમા' – ની રચના કોણે કરી હતી ?

(A) નરસિંહ મહેતા

(B) મીરાંબાઈ

(C) પ્રેમાનંદ

(D) પ્રીતમદાસ

8) 'આંખો મહી પ્રેમળતા ઝરી ઝરી' કાવ્યપંક્તિ કઈ કૃતિની છે ?

(A) છેલ્લું દર્શન

(B) એ લોકો

(C) નમું

(D) પલ

9) 'છેલ્લું દર્શન' કાવ્યના અંતે કવિએ શેનો સંદર્ભ પણ મહત્ત્વનો બનાવ્યો છે ?

(A) અગ્નિ

(B) દાંપત્યજીવન

(C) માંગલિક ઘટના

(D) ધુમાડો

10) નીચેનામાંથી કયું કાવ્ય ઊર્મિકાવ્ય છે ?

(A) નમું

(B) છેલ્લું દર્શન

(C) સપૂત

(D) મને જોઈને ઊડી જતાં પક્ષીઓને

11) બગલા અને કાગડાના દૃષ્ટાંત દ્વારા શું કહેવાયું છે ?

(A) વ્યક્તિના બાહ્ય દેખાવથી અંજાઈ જવું નહિ.

(B) સજ્જન અને દુર્જનને ઓળખવા.

(C) પારકી આશા રાખવી નહિ.

(D) શરીર સ્વચ્છ રાખવું.

12) નીચેનામાંથી હરીન્દ્ર દવેના કયા ગીતમાં 'કૃષ્ણ વિરહ'ની વેદના રજૂ થઈ છે ?

(A) આવ્યો છું તો ...

(B) એ લોકો

(C) માધવ ક્યાંય નથી મધુવનમાં

(D) સાયંકાળે

13) જીવન-વ્યવહાર અને મૂલ્યોની ડહાપણભરી રજૂઆત શેમાં હોય છે ?

(A) દુહા

(B) ગરબી

(C) પદ

(D) મુક્તક

14) તમારા ગુજરાતી પાઠ્યપુસ્તકના મુખપૃષ્ઠ પર કયા લેખકની છબી છે ?

(A) ઉમાશંકર જોશી

(B) મનુભાઈ પંચોળી

(C) ગોવર્ધનરામ ત્રિપાઠી

(D) કનૈયાલાલ મુનશી

15) વૃંદાવનના ઉલ્લેખ દ્વારા કવિ સમયનું કયું પરિમાણ દર્શાવે છે ?

(A) સૌમ્ય

(B) રમ્ય

(C) રુદ્ર

(D) ભવ્ય

16) 'દરિયાકિનારે' કૃતિના લેખકને દેશવિદેશના દરિયાકિનારે ફર્યા બાદ દુનિયાભરના માણસોનાં મન અને હૃદય એકસરખાં લાગ્યાં છે. આથી એમણે કયો નિબંધ લખ્યો ?

(A) 'થોડા નોખા જીવ'

(B) 'આકાશ બધે આસમાની છે.'

(C) સહજ

(D) 'શિયાળાની સવારનો તડકો'

17) સૂતી વખતે બાળકોને ચકલી-કાગડાની વાર્તા કહેતી વખતે લેખકના શબ્દો કેવા થઈ જાય છે ?

(A) કઠોર

(B) દયામણા

(C) લપસણા

(D) લોભામણા

18) માણસ હોય કે પશુપંખી સૌને મુક્તિની ઝંખના હોય છે - એ વિચાર કઈ કૃતિમાં પ્રગટ થયો છે ?

(A) હિંદનું પંખી
(B) ચકલીઓને
(C) દરિયાકિનારે
(D) આભલાનો ટુકડો

19) દેલવાડા ગામથી એક માઈલ દૂર જ્યાં સાબર અને વાકળનો રમણીય સંગમ થાય છે તે સ્થળ ........ છે.

(A) સપ્તેશ્વર
(B) વિરેશ્વર
(C) કરણેશ્વર
(D) ચિત્ર વિચિત્રેશ્વર

20) 'હું તો ઘણું સમજાવું છું, પણ માનતી નથી, તમે સમજાવોને.' - ઉક્તિ કોણ બોલે છે ?

(A) શંભુભાઈ
(B) નાનાભાઈ
(C) પ્રભાશંકર
(D) રમણ

21) નીચેનામાંથી કયું પુસ્તક ગાંધીજીએ લખ્યું નથી ?

(A) હિંદ સ્વરાજ
(B) ખરી કેળવણી
(C) નમતો સૂરજ
(D) કેળવણીનો કોયડો

22) કયા લેખક 'શેષ', 'દ્વિરેફ', 'સ્વૈરવિહારી' ઉપનામથી ઓળખાય છે ?

(A) રામનારાયણ વિશ્વનાથ પાઠક
(B) વાડીલાલ ડગલી
(C) ગાંધીજી
(D) જયંતી દલાલ

23) 'રોહિણીને તીરે' કૃતિનો સાહિત્યપ્રકાર કયો છે ?

(A) જાતક કથા

(B) લલિત નિબંધ

(C) નવલકથા

(D) સૂફી કથા

24) સિદ્ધપુરુષે રેશમીવસ્ત્રની મધ્યમાં શું દોરીને રાજારાણીને આપ્યું ?

(A) કમળ

(B) ગણેશ

(C) સ્વસ્તિક

(D) ત્રિશૂળ

25) રવિવારના દિવસે લેખકે સૌ પ્રથમ શેની સફાઈ કરી ?

(A) કાચ

(B) લિયોનાર્દોના ચિત્રની ફોટોફ્રેઈમ

(C) કુંજો

(D) ગરમ કપડાં

26) 'હરભાઈ' કઈ કૃતિનું પાત્ર છે ?

(A) થીંગડું

(B) દેશગમન

(C) નાનાભાઈ

(D) આભલાનો ટુકડો

27) મહેતાજીએ પેન્સિલને શેના પર રાખીને એની અણી સુંવાળી બનાવી દીધી ?

(A) તકિયાની બહાર

(B) તકિયાની ખોલ પર

(C) ઈસ્કોતરા પર

(D) આંગળીના ટેરવા પર

28) દેશમાંથી કોનો આગ્રહ ગાંધીજીને પાછા દેશમાં લાવવાનો હતો ?

(A) મિત્રો

(B) દેશવાસીઓ

(C) સગાંસંબંધી

(D) માતા-પિતા

29) પત્રલેખક જગતને પોતાના બાળકને બધા પાઠ કેવી રીતે શીખવવાનું કહે છે ?

(A) કડકાઈથી

(B) લાડથી

(C) મૃદુતાથી

(D) આવેશથી

30) સિદ્ધપુરુષની શરત સાંભળીને રાજા બોલ્યા કે, 'અમારા વહાલા દીકરાને માટે અમારા મનમાં ખરાબ વિચાર તો નહિ જ આવે, પણ ...........'

(A) પંચ બોલે તે પરમેશ્વર

(B) ન કરે નારાયણ

(C) નમે તે સૌને ગમે

(D) મન હોય તો માળવે જવાય

31) નીચેનામાંથી કઈ સંધિ સાચી નથી ?

(A) સૂક્તિ = સુ + ઊક્તિ

(B) અત્યંત = અતિ + અન્ત

(C) સંસાર = સમ્ + સાર

(D) વ્યાખ્યાન = વિ + આખ્યાન

32) નીચેનામાંથી 'નિરભ્ર'ની કઈ સંધિ યોગ્ય રીતે છોડેલી છે ?

(A) નિ + અભ્ર

(B) ની + અભ્ર

(C) નિઃ + અભ્ર

(D) નિષ્ + અભ્ર

33) 'માધવ ક્યાંય નથી <u>મધુવન</u>માં' - રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.

(A) કર્મધારય સમાસ

(B) મધ્યમપદલોપી સમાસ

(C) દ્વંદ્વ સમાસ

(D) ઉપપદ સમાસ

34) કયા સમાસમાં બે પદો વચ્ચે કોઈ વિભક્તિ સંબંધ હોય અને બીજું પદ ક્રિયાધાતુ ધરાવતું હોય ?

(A) દ્વંદ્વ સમાસ

(B) મધ્યમપદલોપી સમાસ

(C) ઉપપદ સમાસ

(D) કર્મધારય સમાસ

35) 'કુંજગલી' શબ્દ કયા શબ્દ-સમૂહ માટે વાપરી શકાય ?

(A) કુંજની ગલી

(B) કુંજ અને લતાઓથી બનેલો મંડપ

(C) સાંકડો અને છાયાવાળો ઉપવન માર્ગ

(D) સાંકડો અને છાયાવાળો ગીચવન માર્ગ

36) 'ધૂળને લીધે ઝાંખું થવું' શબ્દ-સમૂહ માટે કયો શબ્દ વાપરી શકાય ?

(A) રજોટાવું

(B) ધૂંધળું

(C) મટોડિયું

(D) અસ્પષ્ટ

37) નીચેનામાંથી કયો શબ્દ પુલ્લિંગ નથી ?

(A) પોપટ

(B) છાત્રાલય

(C) વાંસ

(D) ભાલા

38) નીચેનામાંથી કયું લિંગસૂચક જોડકું ઉચિત નથી ?

(A) દદુડો - દદુડી

(B) તરલ - તરલા

(C) તવો - તવા

(D) કિનારો - કિનારી

39) નીચેનામાંથી કઈ સંજ્ઞા હંમેશા એકવચનમાં જ વપરાય છે ?

(A) ઓરડી

(B) દ્વેષ

(C) ભમરા

(D) મહિના

40) જેમનું બહુવચન ન થતું હોય તેવી સંજ્ઞા કઈ છે ?

(A) પડદા

(B) રસોડું

(C) જળ

(D) દોરો

41) પરવાળાના એ પથ્થરને અરબી-સમુદ્ર રોજ નવરાવતો હશે. - આ વાક્યમાં સહાયકારક ક્રિયાપદ કયો અર્થ દર્શાવે છે ?

(A) વર્તમાનકાળનો અર્થ

(B) ભૂતકાળનો અર્થ

(C) આજ્ઞાર્થનો અર્થ

(D) સંભાવનાનો અર્થ

42) નીચેનામાંથી કયા વાક્યમાં સહાયકારક ક્રિયાપદ વપરાયું નથી ?

(A) ચિરાયુ ઘેરઘેર ભટકતો.

(B) અમે રજાઓમાં ફરવા ગયા હતા.

(C) ચિત્રકલાનું જ્ઞાન લેવા જેવું છે.

(D) રમેશ બહારગામ ગયો હશે.

43) રોટલી જાતજાતની ભાત દેખાશે. - આપેલા વાક્યને અર્થપૂર્ણ બનાવવા કયો અનુગ વાપરી શકાય ?

(A) ની

(B) એ

(C) થી

(D) માં

44) વિદ્યાર્થી વર્ગ<u>માં</u> પ્રવેશ્યો. - આ વાક્યમાં રેખાંકિત અનુગને સ્થાને કયો નામયોગી વાપરી શકાય ?

(A) લીધે

(B) અંદર

(C) દ્વારા

(D) પેઠે

45) રીસ કે કંટાળો બતાવવો - એ અર્થ ધરાવતો કયો રૂઢિપ્રયોગ છે ?

(A) ભોંઠા પડવું.

(B) મોં સિવાઈ જવું.

(C) મોં ફેરવી લેવું.

(D) મોંમાં પાણી આવવું.

46) બાળપણમાં બાળકને જે કાંઈ સંસ્કાર, શિક્ષણ કે તાલીમ આપવાનાં હોય કે ટેવો પાડવી હોય, તે પાડવી જોઈએ. પાછળથી કરેલા પ્રયત્નો મોટેભાગે નિષ્ફળ જ જાય છે. - આ અર્થ ધરાવતી કઈ કહેવત છે ?

(A) મોરનાં ઈંડાંને ચિતરવાં ન પડે.

(B) સાઠે બુદ્ધિ નાઠે.

(C) પાકે ઘડે કાંઠા ન ચડે.

(D) મન હોય તો માળવે જવાય.

47) 'કાંતિ' શબ્દનો સાચો ધ્વનિઘટક લખો.

(A) ક + આં + ત્ + ઈ

(B) ક્ + આ + ન્ + ઈ + ત્

(C) ક + આ + ન + ત + ઈ

(D) ક્ + આ + ન્ + ત્ + ઈ

48) નીચેનામાંથી કયા જોડકામાં વિરોધી શબ્દ વપરાયેલ છે ?

(A) વૈરાગી - સંસારી

(B) આમન્યા - મર્યાદા

(C) ઉજ્જડ - વેરાન

(D) બહિષ્કાર - તિરસ્કાર

49) નીચેનામાંથી સમાનાર્થીનું કયું જોડકું સાચું નથી ?

(A) પ્રપંચી - કપટી

(B) પંથ - સંપ્રદાય

(C) જન્મ - મરણ

(D) ચાકર - દાસ

50) 'રજ' શબ્દ પરથી બનેલ શબ્દમાં કયો શબ્દ બંધબેસતો નથી ?

(A) રજોગુણ

(B) રજકણ

(C) રજ્જુ

(D) રંજ

# 13(G)

(MARCH, 2019)
(Old Course)

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 14 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુધ્ધિ, હાંસિયા, સ્વચ્છતા વગેરે તરફ વિશેષ ધ્યાન આપવાનું રહેશે. પ્રશ્નની સૂચના સમજીને જવાબો લખવા.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ - A

■ નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ) [8]

1) મીરાંબાઈના ચિત્તમાં શ્રીકૃષ્ણની કેવી છબી અંકિત થઈ છે ?

2) પત્નીના સ્મરણ માટે કશું જ ન લેવાનું કવિ શા માટે કહે છે ?

અથવા

કવિ ફૂલ બની ફળતા જવાનું કેમ ઈચ્છે છે ?

3) 'અબ લગ કંકર એક ન લાગ્યો, ગયાં ભાગ્ય મુજ ફૂટી' - આ પંક્તિ કઈ ઘટનાનો નિર્દેશ કરે છે ?

4) બીજા મુક્તકમાં જાતમહેનતની ટેવ કેળવવા શું-શું કરવાનું કહ્યું છે ?

■ **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ)** [4]

5) ભીની રેતીમાં ચાલવાનો લેખકનો અનુભવ કેવો છે ?

6) શૂળ જેવા ભોંકાતા વાંસડા રમણના આશ્વાસનનું કારણ ક્યારે બન્યા ?

અથવા

નાનાભાઈનો ગૌરીશંકરને કાઢી મૂકવા પાછળ કયો હેતુ હતો ?

■ **નીચેના પ્રશ્નોના ચાર-પાંચ વાક્યમાં ઉત્તર લખો. (દરેકના 3 ગુણ)** [3]

7) 'જાહેર સેવકને અંગત ભેટો ન હોય' - વિધાન સમજાવો.

અથવા

પેન્સિલ છોલતા મહેતાજીનું નિરૂપણ લેખકે કઈ રીતે કર્યું છે ?

## વિભાગ - B

■ **નીચે આપેલા ગદ્યખંડનું વિસ્તૃતીકરણ કરો.** [5]

8) જેમ સંપત્તિ સદાકાળ રહેતી નથી તેમ વિપત્તિયે સદાકાળ રહેતી નથી. જગતમાં જે મહાન પુરુષો થઈ ગયા છે અને થાય છે તે બહુ કરીને વિપત્તિમાંથી નીકળીને જ ઉદય પામેલા છે. કાળચક્રનો મહિમા મોટો છે. માટે કોઈએ નિરાશ થઈ જીવનરથ અટકાવવો નહિ. સારું કરનારનું સારું જ થાય છે. એવો નિશ્ચય કરી સારા કામમાં મચ્યા રહેવું.

■ **નીચેની પંક્તિઓનો અર્થવિસ્તાર કરો.** [5]

9) ચહું થાવા હુંયે મધુર ખીલતું પુષ્પ નવલું;
પરંતુ ના ઈચ્છા જીવન જીવવા તાડ તરુનું.

અથવા

સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.

## વિભાગ - C

10) **નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** [5]

કાળિયો કુંભાર, ઘેર ગધેડાં છે બાર,
એમાં એક છેક અડિયલ માણેકડું નામનું;
ખડ ખૂબ ખાય તો ય ભાર ઊંચકાય નહિ,
કાળિયાને લાગે નહીં કદી કશા કામનું.
કાળિયો બિચારો કોટિ ઉપાય વિચારે,
ડીફાં દસવીસ મારે, પણ માને જડ જાત રે ?
આખર ઉપાય મળ્યો એક અચાનક જ્યારે,
ગાજર દેખીને દોડ્યું માણેકડું ખેતરે !
લાંબી એક લાકડીને માણેકની પીઠે બાંધી,
લટકાવી દીધાં ચાર ગાજર જ્યાં મોખરે;
લાલચે લોભાઈ દોડે માણેકડું બિચારું હવે !
રોજ ખેંચે બોજ ! પામે ગાજર ના એક રે !
કાળિયાની જુગતીથી લોક બહુ રાજી થાય,
વિમાસું હું માણેકનું દેખી મોં દયામણું;
આપણે ન દોડી રહ્યા ગાજરની લાલચે જ ?
કો'કે લટકાવ્યું સામે સપનું સોહામણું !

**પ્રશ્નો :**

1) કાળિયા કુંભારને ઘેર કેટલાં ગધેડાં હતાં ? તેમાં માણેકડાની અંદર કયો અવગુણ હતો ?
2) કાળિયાએ માણેકડાને સીધો કરવા શરૂઆતમાં શું-શું કર્યું ?
3) અંતે કાળિયા કુંભારે માણેકડાને ચલાવવા માટે શી યુક્તિ કરી ?
4) કુંભારની યુક્તિનું શું પરિણામ આવ્યું ?
5) માણેકડાનું ઉદાહરણ મનુષ્યોને શી રીતે લાગુ પાડી શકાય ?

■ **નીચે આપેલા ગદ્યખંડને વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** [5]

11) ભારતની તપોવન પરંપરા અને ગ્રીસની એકેડેમી પરંપરામાં આચાર્યનું સ્થાન ખૂબ જ મહત્ત્વનું હતું. યાજ્ઞવલ્ક્ય અને ઍરિસ્ટોટલ આચાર્યો હતા. આજની યુનિવર્સિટી એ ભારતીય તપોવન અને ગ્રીક એકેડેમી વચ્ચેનો સમન્વિત ઉન્મેષ છે. તક્ષશિલા અને નાલંદા વિદ્યાપીઠો માટે આપણને ગૌરવ હોય જ, પણ આજની યુનિવર્સિટીઓનાં કેમ્પસ રૂપાળાં છે, રળિયામણા નથી. તક્ષશિલા એટલે શું ? શિલા તક્ષતિ ઈતિ તક્ષશિલા. શિક્ષણને પ્રતાપે મનુષ્ય શિલામાંથી શિલ્પ બને. 'નાલંદા' એટલે શું ? ન અલં દા, અર્થાત્ આટલું જ્ઞાન પૂરતું નથી. હજી વધારે આપો. પ્લેટોની એકેડેમીના પ્રવેશ દ્વાર પર સૂચના મૂકવામાં આવેલી: 'જેને ભૂમિતિ પ્રત્યે પ્રેમ ન હોય તેણે દાખલ થવું નહિ.' યુનિવર્સિટીનું કેમ્પસ એ કાંઈ રાહદારીનો રસ્તો નથી. એ કેમ્પસ પર પગ મૂકવાની પાત્રતા માત્ર ફી ભરવાથી પ્રાપ્ત થતી નથી. આપણી યુનિવર્સિટીઓનાં પ્રવેશદ્વાર પર સૂચના મૂકવી જોઈએ. 'જેને વિચારો પ્રત્યે, પુસ્તકો પ્રત્યે અને જીવન પ્રત્યે પ્રેમ ન હોય તેવા લોકોએ આ વિસ્તારમાં પ્રવેશવું નહીં' કેટલાક યુવાનો થિયેટરમાં દાખલ થતા હોય, એમ વર્ગમાં દાખલ થાય છે. પ્રત્યેક યુનિવર્સિટીમાં એક વિદ્યાર્થી સંઘ સ્થાપવો જોઈએ. જેનું નામ હોય 'ભણવા માગતા વિદ્યાર્થીઓનો સંઘ'

**પ્રશ્નો :-**

1) આજની યુનિવર્સિટી વિશે લેખક શું કહે છે ?

2) તક્ષશિલા અને નાલંદા એટલે શું ?

3) પ્લેટોની એકેડેમીના દ્વાર પર કઈ સૂચના મૂકવામાં આવી છે ?

4) યુનિવર્સિટીઓનાં દ્વાર પર કેવી સૂચના મૂકવી જોઈએ ?

5) કેવા વિદ્યાર્થીઓને માટે સંઘની સ્થાપના કરવી જોઈએ ?

12) 'જીવનમાં રમત-ગમતનું મહત્ત્વ' સમજાવતો પત્ર તમારા મિત્રને લખો. [5]

અથવા

તમારી શાળામાં ઉજવાયેલ પ્રજાસત્તાક દિનની ઉજવણીનો આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો.

## વિભાગ - D

13) નીચે આપેલા ફકરામાંથી ભાષાશુદ્ધિની ખામીઓ શોધી ફકરો ફરીથી લખો. [2]

પાણી માટે પ્રભાશંકર પાણીયારા પાસે ગયા ને ઘૂંટડો ગળે ઉતારીને પાછા વળતા હતા ત્યાં એકાએક જાણે કોઈએ પાછળથી એમના કોટની બાંય જાલીને એમને રોક્યા. એમનાથી એકાએક પુછાઈ ગયું : શું છે હસમુખની મા

14) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 150 શબ્દોમાં નિબંધ લખો. [8]

(1) જીવનમાં શિસ્તનું મહત્ત્વ

પ્રસ્તાવના - શિસ્તની જરૂરિયાત - શિસ્તના પ્રકાર - ગેરશિસ્તનાં પરિણામ - કડક શિસ્તની જરૂર - ઉપસંહાર.

(2) ઉનાળાની મજા અને સજા

પ્રસ્તાવના - પ્રકૃતિનું રૌદ્ર સ્વરૂપ - બપોરના સમયનું વાતાવરણ - પશુપંખી અને માનવીની સ્થિતિ - ગરમીની અસરથી બચવાની યુક્તિઓ - ઉપસંહાર.